


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-09 ■ તા. 25-02-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### અમદાવાદ-દીવ વચ્ચે વિમાની સેવાનો પ્રારંભ કરાવતા વડાપ્રધાન

# દિલ્હી-મુંબઈ જેવું સામાજિક જીવન હવે દમણમાં દેખાઈ રહ્યું છે : મોદી

### પીએમ મોદીએ દમણમાં ૩૧ પ્રોજેક્ટ શરુ કર્યા, માછીમારોને આપી બે ભેટ,સરકારે જે દમણને આપ્યું છે તે પહેલા ક્યારેય નથી અપાયું : મોદી

દમણ,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજથી બે દિવસ ગુજરાતનો પ્રવાસ શરૂ થઇ રહ્યો છે ત્યારે તેઓ સુરત એરપોર્ટ પર પહોંચ્યા હતા. સુરત એરપોર્ટ પર રાજયના આરોગ્ય પ્રધાન કુમાર કાનાણી અને સુરતના મેયર અસ્મિતાબેન શિરોયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દમણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત પ્રશાસક પ્રફુલ્લ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. દમણ ખાતે પધારેલા વડાપ્રધાનનું દમણ વાસીઓએ અનોખી રીતે હવામાં ગુબ્બારા છોડી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓ હેલિકોપ્ટર મારફતે દમણ ખાતે પહોંચ્યા હતાં. બીજી તરફ દમણમાં વડાપ્રધાનના પ્રવાસનો કૉંગ્રેસ દ્વારા વિરોધ કરાયો હતો.

દમણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દમણ અને દિવ વચ્ચે શરૂ થનારી હેલિકોપ્ટર સેવાને લોકો માટે શરૂ કરાવી હતી. આ સિવાય તેઓ વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતાં. અંદાજે એક હજાર કરોડના કામો નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કરવાની સાથે ખાતમુહૂર્ત કર્યા હતાં.

પીએમ મોદીએ મહિલાઓને ઈ રીક્ષા, દીકરી જન્મ પર કીટ, સ્વાભિમાન કીટ, દિવ્યાંગોને વ્હિલચેર અને મોપેડ આપ્યા હતાં. ગર્ભવતી મહિલાઓને સ્વાભિમાન કીટનું વિતરણ કર્યું હતું. દમણમાં પીએમની હસ્તે ૩૫ પ્રોજેક્ટનુ લોકાર્પણ કરાયું. પીએમ મોદીએ આવજો અને ખૂબ ખૂબ અભિનંદન કહીને પોતાનું વકતવ્ય પૂરુ કર્યું હતું.

અહીંના લોકોનું યુનિવર્સિટીનું સપનું હતું. સરકારે તમને પણ એક યુનિવર્સિટી આપવાનો નિર્ણય ક્યો છે. આપણા માછીમારોને કાયદારીતે વેટની ડ્યુટી ઝીરો કરી દેવાશે. આપણે અહી અટકવાનુ નથી, હવે ભારત સરકારે બ્લ્યુ રિવોલ્યુશન અંતર્ગત માછીમારો માટે કંઈક નવું કર્યું છે. તમે માછીમારોનું ગ્રૂપ ભેગા થશે, તમને બેંકમાથી લોન મળશે અને તમને સબસીડી મળશે. હવે તમે ડીપ સીમાં જઈને માછીમારી કરી શકશો.

દમણમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને કારણે હવે નાગરિકોને ટ્રીટેડ વોટર મળી રહે છે. દેશમાં માતા મૃત્યુ દર અને શિશુ મૃત્યુ દર ઓછો કરવા, કુપોષણ મુક્તિ કરવા સરકાર દ્વારા અરબો રૂપિયા ખર્ચાય છે, પરંતુ આજે દમણે મોટી પહેલ કરી છે. સરકારની યોજનાને કેટલાક પરિવારોને પોષક આહાર મળે તે માટે એક આહારની કીટ તેમને દર મહિને આપવાની શરૂઆત કરી છે. જેનું આજે વિતરણ કરવાનું મને સૌભાગ્ય મળ્યું.

શ્રમિક ખર્ચ કરી શકે તેવું ખાવાનું મળે તે માટે અહી સાર્વજનિક રીતે ભોજનની વ્યવસ્થા કરવાનો અહી પ્રારંભ થઈ રહ્યો છે, જેનો લાભ આવનારા દિવસોમાં મજૂરોને મળશે. શ્રમિક આ દેશના વિકાસ માટે ક્યારેય પાછળ નહિ હટે. અહીં દિર્ઘદ્રષ્ટિથી જે યોજના બનાવાઈ છે. દમણ એક ઔદ્યોગિક નગરી છે. અહી લોકો મજૂરી માટે આવે છે. તેઓ જ્યારે નોકરી પર જાય છે, તો બીજા સૂઈ જાય છે. અહીં ઊંઘવા માટે પણ શિફ્ટ સિસ્ટમ ચાલે છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપનું આ બેસ્ટ ઉદાહરણ આપીને તેમના માટે ઉત્તમ પ્રકારની રહેવાની વ્યવસ્થાનો આજે આરંભ થઈ રહ્યો છે. જેથી મજૂરોની જિંદગીમાં બદલાવ આવશે. તેમજ જે ઉદ્યોગારો તેમાં મદદ માટે આવ્યા છે તેમને વિશ્વાસ અપાવુ છુ કે મજૂરોને સારું જગ્યા, સારુ ખાવાનું મળશે, તો મજૂરો બધુ કામ મહેનતમાં આપશે.

૧ લાખ ૪૦ હજાર એલઈડી બલ્બ અહી વહેંચવામાં આવ્યા છે. દમણમાં મધ્યવર્ગીય પરિવારના અંદાજે ૬૦ કોરડની બચત એલઈડી લગાવવાથી વીજળીના બિલમાં થઈ છે. યુપી સરકારે ટોયલેટ પર બોર્ડ લગાવી તેનું નામ ઈજ્જત ઘર લગાવ્યુ છે. આપણી માતા અને બહેનોની ઈજ્જત માટે શૌચાલયનું હોવું જરૂરી છે. દમણમાં ગ્રીન મુવમેન્ટ શરૂ થઈ છે. હવે અહીની બહેન-દીકરીઓ પણ ઈ-રીક્ષા લઈને દમણમા ફરતી દેખાશે, પર્યાવરણનું રક્ષા કરશે. પેસેન્જર્સમાં પણ માતા-બહેનો પ્રતિ સન્માન વધશે, દમણની નવી ઓળખ બનશે. મને કહેવાયું કે, કેન્દ્રશાસિત પ્રદેશોમાં દમણમાં ખુલ્લામાં શૌચમાંથી મુક્તિ આવી છે. અહી ૨૦૦૦થી વધુ ટોયલેટ બનાવાયા છે. હું આ માટે અહીંના લોકોને અભિનંદન આપું છું. આ એક પ્રકારે માતૃવંદના અને નારી સન્માનનું આંદોલન છે.

હવે દમણ સ્વચ્છ દેખાય છે, પહેલા ક્યારેય દમણ આટલું સાફ થયું ન હતું. આજે બધા દમણવાસીઓ સંકલ્પ કરે કે, સરકારે તો કામ કર્યું, પણ અમે દમણવાસીઓ હવે ગંદકી નહિ કરીએ. જ્યારે સફાઈ હોય તો લોકોને બહારથી આવવાનું મન થાય છે. ટુરિઝમ વધે તો અહીંના લોકોને રોજીરોટી મળે છે. આજે દમણ દીવ સાથે હેલિકોપ્ટર સેવાથી જોડાયું છે. તેથી દક્ષિણ ભારતથી જે અહી આવવા માગતા હોય તો તે દમણ આવશે અને અહીંથી સોમનાથ-ગીરના સિંહો જોવા જઈ શકશે. હવે દીવને પણ અમદાવાદથી જોડી દેવાયું છે. આમ દીવ અને દમણ વિકાસની મુખ્ય ધારા સાથે જોડાઈ ગયા છે.

જે બાબતો આપણે દિલ્હી-મુંબઈમાં જોઈએ છે, તેવું સામાજિક જીવન હવે દમણમાં નજર આવી રહ્યું છે. આજે હું એરપોર્ટથી આવી રહ્યો હતો તો જોયું કે, હિન્દુસ્તાનનો દરેક ખૂણો ઉમંગ અને ઉત્સાહથી ભરેલો છે. દમણના ઈતિહાસમાં આ પહેલા ન ક્યારેય આવો જનસૈલાબ આવ્યો હશે, ન તો ક્યારેય દમણ-દીવના વિકાસ માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની યોજનાએ કોઈએ લાગુ કરી હોય. આવું પહેલા ક્યારેય નથી થયું. જે રીતે દમણ, દીવ દાદરાનગર હવેલીના સમગ્ર વિસ્તારમાં વિકાસનું નવુ મહોલ પેદા થયો છે. દમણ એક રીતે લઘુ ભારત બની ગયું છે.

### શહેરની ફુટપાથો પરથી દબાણો દૂર કરવા તૈયારી

# વિવિધ વિસ્તારોની ફુટપાથો ઉપર દબાણ દૂર કરવા હુકમ

### મ્યુનિ.કમિશનરે તમામ ઝોનના એસ્ટેટ વિભાગને કડક આદેશો જારી કર્યા : રસ્તાઓનું રીપેરીંગ કામમાં વિલંબ

અમદાવાદ,

અમદાવાદ શહેરની કોટ વિસ્તાર સહિતના વિવિધ વિસ્તારોની ફુટપાથો પરથી ગેરકાયદે અને અનઅધિકૃત દબાણોને દૂર કરવા મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે તમામ ઝોનના એસ્ટેટ વિભાગને આદેશ જારી કર્યા છે, જેને પગલે હવે આગામી દિવસોમાં એસ્ટેટ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોની ફુટપાથો પરથી દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી સપાટો બોલાવાશે.

અમદાવાદ શહેરમાં સૌથી વધુ અને ગંભીર સમસ્યા જો હોય તો તે, ગાંધીરોડ, ત્રણ દરવાજા અને ભદ્ર વિસ્તારની છે, જયાં માથાભારે વેપારીઓ અને ફેરિયાઓ અમ્યુકો સત્તાવાળાઓ અને સ્થાનિક પોલીસની વારંવારની સૂચના અને કડકાઇ બાદ પણ તેની ઐસીતૈસી કરી તેમના લારી ખુમચા છેક રસ્તા સુધી લાવી દે છે, જેના કારણે આ વિસ્તારની ફુટપાથો તો નગરજનો માટે ચાલવા લાયક જ રહી નથી. તેથી જ શહેરના રસ્તાઓને ટ્રાફિકની સરળતા માટે અને ફુટપાથોને દબાણમુકત બનાવી ચાલવાલાયક બનાવવાના હેતુથી મ્યુનિસિપલ કમિશનરે ફુટપાથો પરથી દબાણો દૂર કરવાના કડક આદેશો જારી કર્યા છે. મ્યુનિસિપલ કમિશનરના આ હુકમને પગલે શહેરના વિવિધ ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓએ અલગ અલગ ટીમો બનાવી તેમના હેઠળ આવતાં વિસ્તારોની ફુટપાથો કે જેની પર દબાણોનો ત્રાસ છે, તેને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની દિશામાં કવાયત હાથ ધરી છે. આગામી દિવસોમાં એસ્ટેટ વિભાગના અધિકારીઓ દ્વારા ઝોન વાઇઝ વિસ્તારોમાં ફુટપાથો પરથી દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. દરમ્યાન શહેરના ઉબડખાબડ અને તૂટેલા રસ્તાઓના રીપેરીંગ અને રીસરફેસની કામગીરી આગામી હોળી-ધૂળેટીના તહેવારના કારણે વિલંબિત થાય તેવી શકયતા છે. કારણ કે, રસ્તાના કામના મજૂરો રાજસ્થાન, ગુજરાતના ગોધરા સહિતના ક્ષેત્રોમાંથી આવતા હોઇ તેઓ હોળી-ધૂળેટીના તહેવારને લઇ અઠવાડિયા-દસ દિવસની રજા લઇને વતન જતા રહેતા હોય છે. આ સંજોગોમાં શહેરના ઉબડખાબડ અને તૂટેલા રસ્તાઓનું અસરકારક અને વેગવંતુ કામ માર્ચના પ્રથમ સપ્તાહ-બે સપ્તાહપછી જ શરૂ થાય તેવી શકયતા છે, ત્યાં સુધી શહેરીજનોને બિસ્માર રસ્તાઓની હાલતનો ભોગ બનવુ પડશે. ઉલ્લેખનીય છે, ગુજરાત હાઇકોર્ટે બિસ્માર રસ્તાઓ અને ઉબડખાબડ માર્ગોને લઇ અમ્યુકો સત્તાવાળાઓની તાજેતરમાં જ ઝાટકણી કાઢી હતી અને નગરજનોની સેવા માટે તેને તાકીદે રીપેર કરવા અમ્યુકો સત્તાધીશોને કડક નિર્દેશો પણ આપ્યા હતા.

### કરુર વૈશ્ય બેંક સાથે કરી છેતરપીંડી

# ૧૩ કરોડની છેતરપીંડીમાં આસિ.મેનેજરની ધરપકડ

### રાજકોટની બેંકમાં થયેલ કૌભાંડ મુદ્દે અમદાવાદથી કરાઈ ધરપકડ :પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી

રાજકોટ,

રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર આવેલ કરુર વૈશ્ય બેંક સાથે રાજકોટની ગ્રીન ફાર્મ એગ્રી એન્ડ એક્ષપોર્ટ પેઢીના પાંચ ભાગીદારોએ બેંકના અધિકારીઓ સાથે મળીને ૧૩.૦૬ કરોડની છેતરપીંડી કરી હોવાની ઘટના સામે આવી છે. આ ફરીયાદના આધારે પોલીસે બેંકના આસિસ્ટન્ટ મેનેજરની અમદાવાદ ખાતેથી ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, શહેરના યાજ્ઞિક રોડ પર જીમખાના કલબ કોમ્પલેક્સમાં આવેલ કરુર વૈશ્ય બેંકના ચીફ મેનેજર સંજીવકુમારે બે મહિના પહેલા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીની ફરીયાદ નોંધાવી હતી. જેમાં આરોપી તરીકે રાજકોટના આમીન માર્ગ પર સ્ટાર વિટેંજ એપાર્ટમેન્ટમાં રહેતા દિનેશ તન્ના, દિપ તન્ના, રીટા તન્ના, પુજા તન્ના, મહેશ તન્ના તેમજ બેંકના આસિસ્ટન્ટ મેનેજર પ્રતિક વૈશ્યના નામ નોંધાવ્યા હતા. ત્યારે આ પ્રકરણમાં પોલીસે અમદાવાદના સેટેલાઈટ રોડ પર બીમાનગરમાં રહેતા પ્રતિક વૈશ્યની ધરપકડ કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ, ગ્રીન ફાર્મ એક્ષપોર્ટ પેઢીના કરુર વૈશ્ય બેંકમાં બે ખાતા હતા. આ પેઢી કઠોળ અને ખેતપેદાશોનું ખરીદ-વેચાણનુ કામ કરે છે. આ પેઢીએ સ્ટોક પર ૭.૮ કરોડની બેંક લોન માટે અરજી કરી હતી. જેમાં જામીન તરીકે રીટા, દિનેશ, પૂજા, મહેશ તન્ના જોડાયા હતા. ડિસેમ્બર ૨૦૧૬માં પેઢીના નામે ૭.૬૦ કરોડની લોન મંજુર થઈ હતી. લોન લીધા બાદ પેઢીએ ઈમ્પોર્ટ બિલથી માલ મંગાવ્યો હતો. નિયમ મુજબ ઈમ્પોર્ટ બિલ તેઓના સપ્લાયર તેમની બેંક દ્વારા કરુર વૈશ્ય બેંકમાં મોકલાવે અને આ ઈમ્પોર્ટ બિલની રકમ પેઢી દ્વારા બેંકમાં ચુકવવામાં આવે પછી જ પેઢીને અસલ બીલ મળે, જેના આધારે ઈમ્પોર્ટ માલ ગોડાઉનમાંથી છોડાવી શકાય. ૧૭ સપ્ટેમ્બર સુધી આ પ્રક્રિય નિયમિત ચાલી હતી. જોકે ત્યારબાદ પેમેન્ટ કરવાનુ બંધ કરી દીધુ હતું. તેમજ ગોડાઉનમાંથી માલ પણ હટાવી લેવાયો હતો. બેંકે ગોડાઉનની તપાસ કરતા ગોડાઉન ખાલી મળ્યુ હતું. તેમણે બેંકમાં ઈમ્પોર્ટ બિલ ભર્યા વિના મેનેજરની સંડોવણીથી માલ ઉપાડી ગેરકાયદેસર રીતે વેચી માર્યો હતો. આ માલ ૫.૪૬ કરોડનો હતો.



ઉનાળાના આગમન સાથેજ તેના મધુર સ્વાદથી શરીરને ઠંડક પહોંચાડતું તડબૂચ આમદાવાદના બજારમાં આવી ગયું છે. તસવીરમાં ફૂટપાથ પર તડબૂચનો મોટો ઢગ લગાવી વેંચતા એક વેપારી પિતાની ગેરહાજરીમાં પેલું નાનકડું બાળક તેમના પરિવારની રોજીરોટીની સંભાળ રાખી રહ્યું છે.

### વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસ નબળી હોવાનો ખુલાસો

# ગુજરાતી વિદ્યાર્થીનો શિક્ષણમાં દેખાવ નબળો-ચિંતાજનક રહ્યો

### ૫૦ ટકા વિદ્યાર્થીઓ કલાસરૂમમાં ભણાવવામાં આવતા વિષયોને યોગ્ય રીતે શીખી કે સમજી શકતા નથી : રિપોર્ટ

અમદાવાદ,

એનસીઈઆરટી(નેશનલ કાઉન્સીલ ઓફ એજયુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ)ના રાષ્ટ્રી એસેસમેન્ટ સર્વેમાં શાળાઓમાં ભણતા ગુજરાતના વિદ્યાર્થીઓનો દેખાવ ઘણો નબળો અને ચિંતાજનક રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. એનસીઈઆરટીના આ સર્વેને પગલે ગુજરાત સરકાર શિક્ષણના કથળેલા સ્તરને લઇ ફરી એકવાર ભેખડે ભરાઇ છે. તો, બીજીબાજુ, વિપક્ષ કોંગ્રેસ દ્વારા રાજયમાં શિક્ષણના કથળતા જતા સ્તર અને ગુજરાત નીચલા ક્રમે ધકેલાઇ રહ્યાના આક્ષેપોને સમર્થન મળતાં ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. કારણ કે, રાજયમાં શિક્ષણની કથળતી જતી સ્થિતિ અને મોંઘા શિક્ષણને લઇ કોંગ્રેસ દ્વારા જાહેર વિરોધ અને વિધાનસભા ગૃહમાં પણ ભારે હોબાળો કરાયો હતો. સર્વેમાં બહાર આવેલી વિગતો મુજબ, અમદાવાદની સરકારી અને સરકાર માન્ય શાળાઓના પાંચમા અને આઠમા ધોરણના વિદ્યાર્થીઓમાં લગભગ પચાસ ટકા વિદ્યાર્થીઓ જ કલાસમાં ભણાવવામાં આવતા વિષયોને યોગ્ય રીતે શીખી રહ્યા છે. બાકીના વિદ્યાર્થીઓ સમજી શકતા જ નથી. એનસીઈઆરટીના આ રાષ્ટ્રીય એસેસમેન્ટ સર્વેમાં દેશના સરેરાશ પરફોર્મન્સ કરતાં ગુજરાતના વિદ્યાર્થીઓનું પરફોર્મન્સ ઘણું નીચુ જોવા મળ્યું છે. ખાસ કરીને મુખ્ય પાંચ વિષયોમાં ગુજરાતના વિદ્યાર્થીઓનો દેખાવ ઘણો નબળો જોવા મળ્યો છે. સર્વેમાં એવી પણ ચોંકાવનારી હકીકત સામે આવી છે કે, ધોરણ-૩,૫ અને ૮માં વિદ્યાર્થીઓની લર્નિંગ પ્રોસેસ ઘણી નબળી રહી છે એટલે કે, વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સરખી રીતે શિક્ષણ-અભ્યાસ શીખી શકતા જ નથી. ધોરણ-૫માં વર્ગખંડમાં માત્ર ૨૦ ટકા જ વિદ્યાર્થીઓ ગણિત સમજી શકયા હોવાનો ખુલાસો સર્વેમાં સામે આવ્યો છે. સર્વે અનુસાર, આઠમા ધોરણના ૫૨.૨૫ ટકા અને પાંચમા ધોરણના ૫૮ ટકા વિદ્યાર્થીઓ કલાસમાં ભણાવવામાં આવતા વિષયોને યોગ્ય રીતે શીખી રહ્યા છે. ત્રીજા ધોરણની વાત કરીએ તો, ૬૬.૧૧ ટકા વિદ્યાર્થીઓ જ કલાસમાં આવતી સૂચનાનું પાલન કરે છે. એટલું જ નહી, ધોરણ-૩ અને ૫ના વિદ્યાર્થીઓ કરતાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓમાં ગ્રાસ્પીંગ કેપેબિલિટી ઓછી હોય છે. આઠમા ધોરણમાં ૪૭.૪૪ ટકા વિદ્યાર્થીનીઓ અને ૪૪.૪૮ ટકા વિદ્યાર્થીઓ ગણિતના સવાલોના જવાબ આપી શકયા, જયારે ત્રીજા ધોરણમાં ૬૪.૮૭ અને ૬૩.૮૭ ટકા વિદ્યાર્થીઓ ગણિતના જવાબો આપી શકયા હતા. પાંચમા ધોરણના વિદ્યાર્થીઓમાં ૪૩.૫૫ ટકા વિદ્યાર્થીઓ જ અપૂર્ણાંકના દાખલા યોગ્ય રીતે કરી શકયા હતા. જયારે ૪૫.૨૪ ટકા વિદ્યાર્થીઓ ત્રિકોણ, ચોરસ અને લંબચોરસની પરિમિતિ અને ક્ષેત્રફળના દાખલા કરી શકયા હતા. જો ગુજરાતી વિષયની વાત કરીએ તો, માત્ર ૫૮.૭૮ ટકા વિદ્યાર્થીઓ જ વાર્તાની ચોપડીઓ, ન્યુઝની હેડલાઈન્સ અથવા જાહેરાત વાંચી શકયા હતા.



ઐતિહાસિક અમદાવાદ શહેરનો ૬૦૮મો સ્થાપના દિન સોમવારે આવી રહ્યો છે. ત્યારે તેની ઉજવણી માટે અમદાવાદમાં વસતા વ્યવસાયે મનોચિકિત્સક ડો જ્યોતિક એ તેમની ચિત્રકલા દ્વારા વિશ્વપ્રસિદ્ધ સિદી સૈયદની જાળીમાં અમદાવાદની ઓળખ આપતા સ્થાનો અને સંસ્કૃતિના સુંદર દર્શન કરાવતું ચિત્ર તૈયાર કર્યું છે.

ફી મુદ્દે શાળા સંચાલકોની દાદાગીરી સામે લાલ આંખ

# વિદ્યાર્થીઓની હોલ ટિકિટ ન રોકવા શાળાઓને હુકમ થયો

## સીબીએસઈએ પરિપત્ર જારી કરીને આદેશ કર્યો કે, બોર્ડે ઈશ્યુ કરેલી હોલ ટિકિટ કોઈ પણ સ્કૂલ રાખી શકશે નહી

અમદાવાદ,

રાજય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા ફી અધિનિયમને ગુજરાત હાઈકોર્ટની બહાલી બાદ અને સુપ્રીમકોર્ટની પણ રાહત પછી પણ શાળા સંચાલકોને વાગેલા મોટા ઝટકાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. હાઈકોર્ટના સરકારના કાયદાને બહાલી આપતાં સ્પષ્ટ ચુકાદા બાદ પણ હજુ કેટલાક ખાનગી સ્વનિર્ભર શાળાના સંચાલકો મનસ્વી ફી અને તગડી ફી વસૂલવા વાલીઓ પર દબાણ કરી રહ્યા છે અને હવે તો ખાનગી શાળા સંચાલકો રીતસરની નફફટાઇ પર ઉતરી આવ્યા છે અને તે પણ એટલી હદે કે, આવા શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓની બોર્ડ દ્વારા અપાયેલી હોલ ટિકિટ પોતાની પાસે દબાવી રાખે છે અને વિદ્યાર્થીઓ ફી ભરે પછી જ તે હોલ ટિકિટ આપવાની ધમકી આપે છે. આ વાતની ફરિયાદ સીબીએસઇ સુધી પહોંચતા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન(સીબીએસઇ) સત્તાવાળાઓએ આજે એક પરિપત્ર જારી કરી તમામ શાળાઓને કડક સૂચના જારી કરી છે કે, તેઓ કોઇપણ સંજોગોમાં વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી શકશે નહી. બોર્ડે આપેલી ટિકિટ સ્કૂલો પોતાની પાસે કોઇપણ સંજોગોમાં રાખી શકશે નહી અને તે વિદ્યાર્થીઓને આપી દેવાની રહેશે. તમામ શાળાઓને બોર્ડના આ નિયમનો કડકાઇથી પાલન કરવા તાકીદ કરાઇ છે. ઉલ્લેખનીય છે કે, તાજતેરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાળાઓને પણ આ પ્રકારની ફરિયાદ મળતાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હોલ ટિકિટ નહી આપનારી ખાનગી શાળાઓને કડક ચેતવણી આપી હતી અને નહી તો, સરકાર આવી શાળાઓ વિરૂધ્ધ આકરા નિર્ણય લેતા પણ અચકાશે નહી તેવી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી હતી. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, હાઇકોર્ટના ચીફ જસ્ટિસની સલાહ લઇને નવી રચાયેલી સમિતિ કાર્ય કરશે. નવી વ્યવસ્થા થાય ત્યાં સુધી શાળાઓ નિયત ફી જ લઇ શકશે. કેટલીક ખાનગી શાળાઓ દ્વારા ફી નહી ભરવાને કારણે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ અટકાવી રાખી હોવાની ધમકી અને ફરિયાદનો મામલો સરકાર સુધી પહોંચ્યો છે અને સરકારે આ સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો છે. આવી શાળાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરતાં સરકાર સહેજપણ અચકાશે નહી. શિક્ષણમંત્રીએ સુપ્રીમકોર્ટના તાજેતરના હુકમ સંદર્ભે જણાવ્યું હતું કે, શાળાઓ કોઇ પ્રોવીઝનલ ફી જાહેર કરીને લઇ શકશે પરંતુ તેનાથી વધુ ફી લઇ શકશે નહી. પ્રોવીઝનલ ફી એક વચગાળાની વ્યવસ્થા તરીકે હોવાથી તેને ડિપોઝીટ ગણવાની રહેશે.

આ પ્રોવીઝનલ ફી સુપ્રીમકોર્ટના ચુકાદાને આધીન રહેશે. દરમ્યાન આ જ પ્રકારની ફરિયાદો સીબીએસઇ સુધી પણ પહોંચતા ખાસ કરીને વૈભવી અને હાઇફાઇ શાળાના સંચાલકો દ્વારા વાલીઓને હોલ ટિકિટ દબાવી રાખી ફી ભરવા ધમકી અપાતાં આખરે સીબીએસઇએ ગંભીર નોંધ લઇને અરજન્ટ આ જરૂરી પરિપત્ર જારી કર્યો હતો અને તમામ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં બેસવા અંગેની હોલ ટિકિટ આપી દેવા તાકીદ કરી હતી. તમામ સ્કૂલોનો આ સૂચનાનું કડકાઇથી પાલન કરવા પણ સીબીએસઇએ તાકીદ કરી હતી.

૪ અજાણ્યા શખ્સો દ્વારા સળગાવવામાં આવી કાર

# વેરાવળ નજીક દલિત યુવાનને જીવતો સળગાવવાનો પ્રયત્ન

રાજકોટ,

વેરાવળના આંબલિયા ગામે રહેતા એક દલિત યુવાનને કાર સાથે જીવતો સળગાવાતા ચકચાર મચી જવા પામી છે. દલિત યુવકને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે, જયાં તેની હાલત અત્યંત ગંભીર હોવાનુ સામે આવ્યુ છે. મળતી માહિતી મુજબ, આ યુવક વેરાવળ-સોમનાથ રોડ પર કાર લઈને પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન ચાર અજાણ્યા શખ્સોએ પેટ્રોલ છાંટીને કાર સળગાવી હતી. જેથી યુવાને પોતાની જાતને બચાવવા કારથી નીચે ઉતરી ભાગવાનો પ્રયત્ન કર્યો. જોકે, યુવક પર પેટ્રોલની બોટલ ફેંકીને તેને આગ ચાંપી દેવાઈ હતી. ત્યારબાદ બુમાબુમ થતા આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. જેથી ચારેય શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. લોકોએ આ દલિત યુવકનો સારવાર અર્થે વેરાવળની હોસ્પિટલ ખસેડ્યો હતો. જયાંથી વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલ ખસેડવામાં આવ્યો. યુવકનુ નામ ભરત ગોહેલ હોવાનુ સામે આવ્યુ છે. તેમજ તે ડ્રાઈવીંગ કરીને પોતાનુ ગુજરાન ચલાવતો હતો. તેણે પોલીસને આપેલ નિવેદન મુજબ, ૮ મહિના પહેલા ઓએલએક્સ નામની વેબસાઈટ પર અમદાવાદના મનોજ પરમાર પાસેથી તેણે આ કાર ૩.૩૦ લાખમાં ખરીદી હતી. આ કારના સોદામાં તેણે ૨.૫૦ લાખની રોકડ રાજકોટમાં અને બીજા ૫૦ હજાર ઈ-ટ્રાંજેકશનથી આપ્યા હતા. બીજા ૫૬ હજાર ચુકવવાના બાકી હતા. જે રકમ ૫ મે સુધી ચુકવવાનુ નક્કી કરાયુ હતું. જોકે, મનોજે ઉઘરાણી શરુ કરી હતી અને તે ઉઘરાણી કરવાનો હવાલો વેરાવળના દેવાયત જોટવાનો આપ્યો હતો. દેવાયત વારંવાર ફોન કરીને આ પૈસા ચુકવી દેવા ધમકી આપતો હતો. જેથી તેણે આ હુમલામાં પણ દેવાયતનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરી છે. પોલીસો આ મામલે ફરીયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

એફડીઆઈ મેથડથી મની લોન્ડરિંગની પ્રબળ આશંકા બાદ તપાસ

# નીરવ મોદી અને મેહુલ ચોકસીની ૧૪૪ કંપનીઓ ઈડીના રડાર પર

## તમામ કંપનીઓની લેવડદેવડમાં ઉંડી તપાસ જારી : ૧૧૩૦૦ કરોડ રૂપિયાના બેકિંગ કોંભાડના મામલે નીરવ અને તેના સાથીઓ ઉપર સકંજો વધુ મજબુત

નવી દિલ્હી,

દેશના સૌથી મોટા બેકિંગ કોંભાડના મામલામાં મુખ્ય આરોપી અને સુત્રધાર નીરવ મોદી અને તેના મામા મહેુલ ચોકસી સાથે જોડાયેલી ૧૪૪ શંકાસ્પદ કંપનીઓ હવે એન્ફોર્સમેન્ટ ડિરેટોરેટના રડાર પર છે. ઈડીએ આ કંપનીઓની લેવડદેવડના મામલે ઉંડી તપાસ હાથ ધરી છે. એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કદાચ આ કંપનીઓનો ઉપયોગ એફડીઆઇ મેથડ મારફતે મની લોન્ડરિંગ માટે કરવામાં આવ્યો છે. ઈડી અને સીબીઆઇ સહિત ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા પણ સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં વધુ કેટલીક નવી વિગત સપાટી પર આવે તેવી શક્યતા છે. આશરે ૧૧૩૦૦ કરોડ રૂપિયાના દેશના સૌથી મોટા બેકિંગ કોંભાડમાં નીરવ મોદી અને તેના સાથીઓ પર કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમની સામે વધારે લાલ આંખ કરીને તપાસ કરવામાં આવી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નીરવ મોદીના એક ગોડાઉનમાંથી સોંકડો મોંઘી ઘડિયાળ જપ્ત કરી હતી. આ ઉપરાંત નીરવ મોદીના વર્લીના સમુદ્ર મહલમાં સ્થિત ચાર ફ્લેટની મોંઘી ચીજવસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી ચુકી છે. ઈડીએ નીરવ મોદીના નામ પર રહેલા ૩૦ કરોડ રૂપિયાના બેલેન્સવાળા એક ખાતા અને અલગ અલગ કંપનીમાં ૧૪ કરોડ રૂપિયાની કિંમતના શેર જપ્ત કર્યા છે. જુદી જુદી તપાસ સંસ્થાઓ નીરવ મોદી અને તેના સાથીઓની તમામ પ્રકારની સંપત્તિમાં ઉંડી તપાસ કરી રહી છે. તેમની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. જાણકાર સુત્રોએ કહ્યુ છે કે ઘાટકોપરના નીરવ મોદીના એક ગોડાઉનમાં ઉંડી તપાસ કરવામાં આવ્યા બાદ કિંમતી ઘડિયાળોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ત્યારબાદ અધિકારીઓએ દરોડા પાડ્યા હતા. જુદા જુદા બોક્સમાં રહેલી તમામ ઘડિયાળો પણ જપ્ત કરી લેવામાં આવી છે. અધિકારીઓએ કહ્યુ છે કે જપ્ત કરવામાં આવેલી ઘડિયાળો અને અન્ય ચીજ વસ્તુઓ કેટલાની છે તેમાં મુલ્યાંકનની કાર્યવાહી હાલમાં ચાલી રહી છે. જો કે આ તમામની કિંમતો કરોડોમાં છે. ઈડીને એવી પણ માહિતી મળી છે કે સમુદ્ર મહેલમાં નીરવ મોદીની પાસે છ નહી બલ્કે ચાર ફ્લેટ છે. તેમાંથી ત્રણને ડુપ્લેક્સમાં ફેરવી દેવામાં આવ્યા છે. નીરવે આ ત્રણેય ફ્લેટ ૨૦૦૬માં એક ઉદ્યોગપતિ પાસેથી મેળવી લીધા હતા. ચોથા ફ્લેટ મધ્યપ્રદેશના એક કોંગ્રેસી નેતા પાસેથી મેળવી લીધા હોવા અંગેની માહિતી સપાટી પર આવી છે. કોંગ્રેસના આ નેતાની પાસે આ ઈમારતમાં અન્ય ફ્લેટ પણ છે. આ ચાર ફ્લેટની કિંમત ૧૨૫ કરોડ રૂપિયા હોવાની વિગત સપાટી પર આવી છે. બુધવારના દિવસે સમુદ્ર મહેલના પાર્કિંગ એરિયામાંથી નીરવ મોદીની નવ કાર જપ્ત કરવામાં આવી હતી.સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક છેતરપિડી કોંભાડના મામલે વ્યાપક દરોડાનો દોર જારી રહ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઇ અને આવકવેરા વિભાગ દ્વારા વ્યાપક તપાસ કરવામાં આવી રહી છે. બુધવારના દિવસે ઈડીએ નિરવ મોદી અને તેમની કંપનીઓની નવ ખુબ મોંઘી કાર જપ્ત કરી હતી. આ કારમાં આશરે છ કરોડની કિંમત ધરાવતી રોલ્જ રોયલ ઘોસ્ટ પણ સામેલ છે. આ પહેલા મંગળવારના દિવસે સીબીઆઈએ મુંબઈ સ્થિત ૨૭ એકર જમીનમાં બનેલા નિરવ મોદીના ફાર્મ હાઉસ ઉપર કબજો જમાવી દીધો હતો. નિરવ મોદીની જે લકઝુરિયસ કાર જપ્ત કરવામાં આવી છે તેમાં રોલ્જ રોયલ્સ ઘોસ્ટ, બે મર્સીડિઝ બેંજ, એક પોર્સ પનામેરા, ત્રણ હોન્ડા કાર, એક ટોયાટા ફોર્ચ્યુન, એક ટોયોટા ઈનોવાનો સમાવેશ થાય છે. રોલ્જ રોયસ કારની કિંમત ૬ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત ઈડીએ નિરવ મોદીના ૭.૮૦ કરોડ રૂપિયાની કિંમતવાળા મ્યુચ્યુઅલ ફંડ અને શેર પણ ફ્રીઝ કર્યા છે. મેહુલ ચોક્સી ગ્રુપ સાથે જોડાયેલા ૮૬.૭૨ કરોડ રૂપિયાના શેર અને મ્યુચ્યુઅલ ફંડ પણ ઈડીએ ફ્રીઝ કર્યા છે. પીએનબી ફ્રોડ કેસમાં ઈડી અને ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા કુલ મળીને ૫૮૮૧.૭૪ કરોડથી વધારેની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. હજુ જંગી સંપત્તિ જપ્ત કરવામાં આવી શકે છે. સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. આવકવેરા વિભાગે નિરવ મોદીના ૧૪૫.૭૪ કરોડ જપ્ત કરી લીધા છે.

આજે ટીમની પસંદગી કરાશે, અનેક નવા ચહેરાઓને તક મળશે

# શ્રીલંકામાં ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં ધોની, કોહલી રમશે નહીં

## વિરાટ કોહલીની ગેરહાજરીમાં હવે રોહિત શર્મા ટીમનુ નેતૃત્વ કરશે : ભરચક કાર્યક્રમ બાદ ટોપના ખેલાડીઓને હાલમાં આરામ આપવા માટેની તૈયારીઓ

નવી દિલ્હી,

શ્રીલંકામાં રમાનારી ટ્વેન્ટી-૨૦ શ્રેણીમાં કેપ્ટન વિરાટ કોહલી, મહેન્દ્ર સિંહ ધોની, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા નહીં રમે તેવી શક્યતા દેખાઇ રહી છે. હાલના ભરચક કાર્યક્રમોને ધ્યાનમાં લઇને આ તમામ સ્ટાર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવે તેવી શકયતા છે. શ્રીલંકામાં રમાનારી ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની પસંદગી આવતીકાલે રવિવારના દિવસે કરવામાં આવનાર છે. દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં લાંબી શ્રેણી રમ્યા બાદ આ ખેલાડીઓને આરામ આપવામાં આવનાર છે. આફ્રિકામાં છ વન ડે મેચો અને ત્રણ ટ્વેન્ટી મેચો રમાઇ હતી. ભારતે જોરદાર દેખાવ કર્યો હતો. મળેલી માહિતી મુજબ વિરાટ કોહલીની ગેરહાજરીમાં રોહિત શર્મા ટીમનુ નેતૃત્વ કરનાર છે. કેટલાક નવા યુવા ખેલાડીઓને સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી હાલમાં પૂર્ણ થઇ છે. ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા ટીમની પસંદગી કરતી વેળા સ્ટાર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યુ છે કે ખેલાડીઓ અને બોર્ડે પારસ્પરિક રીતે ટોપના ખેલાડીઓને આરામ આપવાના મુદ્દે સહમતી દર્શાવી છે. આ ખેલાડીઓ છેલ્લા કેટલાક દિવસથી સતત રમી રહ્યા હતા. પસંદગીકારો આ સ્ટાર ખેલાડીઓની જગ્યાએ કેટલાક નવા આશાસ્પદ ખેલાડીઓને તક આપનાર છે. નવી ટીમ માટે નવા ખેલાડીઓને તક મળનાર છે. પસંદગી પેનલના ચેરમેન એમએસકે પ્રસાદ સહિત બે પસંદગીકારો પાલમ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દિલ્હીના વિકેટ કિપર રિસભ પંત સાથે વાતચીત કરી ચુક્યા છે. દિલ્હી અને આંધ્રપ્રદેશ વચ્ચે વિજય હજારે મેચ દરમિયાન આ વાતચીત થઇ હતી. પંત ધોનીની જગ્યાએ રહેશે.સેન્ચુરિયન ખાતે ૨૧મી ફેબ્રુઆરીના દિવસે રમાયેલી બીજી ટ્વેન્ટી મેચ યજમાન દક્ષિણ આફ્રિકાએ જીતીને શ્રેણીને સજીવન રાખવામાં સફળતા મેળવી હતી. યજમાન ટીમે ભારતને બીજી ટ્વેન્ટી મેચમાં છ વિકેટે હાર આપી હતી. પ્રથમ ટ્વેન્ટી મેચ જીતતા પહેલા ભારતે યજમાન દક્ષિણ આફ્રિકા પર વનડે શ્રેણી ૫-૧થી જીતી લેવામાં સફળતા મેળવી હતી. છ્ઠી મેચમાં પણ ભારતે સરળતાથી જીત મેળવી હતી. તે પહેલા પોર્ટ એલિઝાબેથ મેદાન ખાતે રમાયેલી છ વનડે મેચોની શ્રેણીની પાંચમી વન ડે મેચમાં ભારતે જોરદાર દેખાવ કરીને યજમાન આફ્રિકા પર ૭૩ રને શાનદાર જીત મેળવી હતી. આની સાથે જ ભારતે ૨૫ વર્ષમાં પ્રથમ વખત વનડે શ્રેણી જીતવામાં સફળતા મેળવી હતી. જોહાનીસબર્ગ ખાતે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે રમાયેલી ચોથી વનડે મેચમાં ખરાબ વાતાવરણ અને વરસાદના લીધે ડકવર્થ લુઇસ પદ્ધતિના આધારે દક્ષિણ આફ્રિકાએ ભારત ઉપર ૧૫ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે પાંચ વિકેટે જીત મેળવીને વનડે શ્રેણીમાં લીડ કાપી હતી. આ મેચમાં ભારતે સાત વિકેટે ૨૮૯ રન સાત વિકેટ ગુમાવીને બનાવ્યા હતા. ડકવર્થ લુઇસ પદ્ધતિ આધારે આફ્રિકાને ૨૮ ઓવરમાં ૨૦૨ રન કરવાના હતા જે મુશ્કેલ ટાર્ગેટ હોવા છતાં આફ્રિકાએ બનાવી લીધા હતા. કેપટાઉન ખાતે ૭મી ફેબ્રુઆરીના દિવસે રમાયેલી છ વનડે મેચોની શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે આફ્રિકા પર ૧૨૪ રને ભવ્ય જીત મેળવી હતી.કેપટાઉન મેચમાં વિરાટ કોહલીએ ફરી એકવાર વિરાટ બેટિંગ કરીને શાનદાર ૧૬૦ રન ફટકાર્યા હતા. ચોથી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયન ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને કચડી નાંખીને શાનદાર જીત મેળવી હતી. આફ્રિકાની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી ન હતી અને ૩૨.૨ ઓવરમાં જ માત્ર ૧૧૮ રનમાં પેવેલિયન ભેગી થઇ હતી. જવાબમાં ભારતીય ટીમ જોરદાર બેટિંગ કરીને ૨૦.૩ ઓવરમાં જ ચેમ્પિયનની જેમ બેટિંગ કરતા એક વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. પ્રથમ વનડે મેચમાં પણ ભારતે જીત મેળવી હતી.

# એપ્રિલથી શરુ થશે દેશની સૌથી મોટી પેમેન્ટ બેંક સેવા

અમદાવાદ,

આગામી એપ્રિલ મહિનાથી સમગ્ર દેશમાં દેશની સૌથી મોટી પેમેન્ટ બેંક પોતાની સર્વિસ શરુ કરવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક આ માધ્યમથી બધા નાગરીકોને ઘણી સારી સેવાઓ ફ્રીમાં આપશે. આ પેમેન્ટ બેંક દેશની બધી પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવનાર છે. દેશમાં અત્યારે ઈન્ડિયા પોસ્ટની ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ છે. ૬૫૦ ચુકવણી બેંક તેની મદદ કરશે. આ હેઠળ ૧ લાખ રૂપિયાનુ બચત ખાતુ, ૨૫ હજાર સુધીની જમા રકમ પર ૫.૫ ટકા વ્યાજ, ચાલુ ખાતા અને થર્ડ પાર્ટી વીમો જેવી સુવિધાઓ પણ આપવામાં આવશે. તો આધારની ચુકવણી માટેનુ ઠેકાણુ બની જશે. એક વખત સેવા શરુ થયા બાદ આઈપીપીબી દેશનુ સૌથી મોટુ નાણાંકીય સેવા નેટવર્ક બનશે. પોસ્ટ મેન અને ગ્રામ્ય ટપાલી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ડિઝિટલ ચુકવણીની સેવા પહોંચાડશે. ૨૦૧૫માં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ભારતીય પોસ્ટ ઓફિસને ચુકવણી બેંકના રુપમાં કામ કરવાની સૈદ્ધાંતિક મંજુરી આપી હતી. દેશની બીજી બેંકો પોતાના એટીએમ કાર્ડ અને ઈન્ટરનેટ બેંકિંગની સુવિધા માટે ચાર્જ લઈ રહ્યા છે, પરંતુ પોસ્ટ ઓફિસ પેમેન્ટ બેંકના ગ્રાહકોએ એટીએમ લેવા માટે કોઈપણ પ્રકારનો ચાર્જ ચુકવવો પડશે નહીં. તેવી જ રીતે મોબાઈલ એલર્ટ માટે બેંક કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલશે નહીં.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી